ગાંધીનગર સમાચાર

આજે ભારત બંધ : સોશિયલ મીડીયાના મેસેજ ચર્ચામાં

@ગાંધીનગર

• શહેરની શાળાઓમાં પ્રાથમિક અને માધ્યમિક વિભાગની પ્રથમ સત્રાંતની પરીક્ષાઓનો પ્રારંભ થશે.

# ગરબે ઘુમવા નાના બાળકોની પણ તડામાર તૈયારી

ગાંધીનગર, તા.૨૧

નવલી નવરાત એટલે ભકિત અને શકિતનું સ્વરુપ... નવરાત્રીમાં ગરબે ઘુમીને માતાજીની ભકિત અને આરાધના કરીનો માતાજીનો રીઝવવાના પ્રયાસો ભકતો દ્વારા પ્રયાસો કરવામાં આવે છે. નવરાત્રીનો ક્રેઝ નાના બાળકોથી લઈને તમામ ઉંમરના નાગરીકોમાં જોવા મળી રહ્યો છે. શહેરના ગરબા કલાસીસમાં ગરબાપ્રેમીઓની ભારે ભીડ જોવા મળે છે. મોડીરાત સુધી ગરબા કલાસમાં અવનવા ગરબા અને સંગીતના સથવારે યુવાધન પસીનો વહાવતુ નજરે પડે છે ત્યારે શહેરના આંગણે સેકટર -૨ માં આવેલ પૂજન ડાન્સ કલાસમાં નાના બાળકો અને મમ્મીઓ ગરબાના અવનવા સ્ટેપ્સ અને સ્ટાઈલ શીખી રહ્યા છે. ત્યારે કુડાસણ વિસ્તારમાં પણ એ-સ્ટાર ગરબા કલાસીસમાં પણ અંજલી તન્ના, હેતલ ભટ્ટી અને મૌલિક ચૌહાણ દ્વારા ગરબાના વિવિધ સ્ટેપ્સ લેટેસ્ટ સ્ટેપ્સ સાથે ફયુઝન સ્ટાઈલ શીખવાડવામાં આવે છે. આ ફયુઝન સ્ટાઈલમાં વિવિધ પ્રાચિન તથા અર્વાચીન ગરબા સ્ટાઈલનું મિશ્રણ કરવામાં આવ્યું છે. જે ગરબા પ્રેમીઓમાં લોકપ્રિય બની રહ્યું છે. ખાસ કરીને વર્કીંગ મહિલાઓ માટે વિશેષ બેચની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. સાંજે ૪ થી ૯ કલાક દરમિયાન તાલિમાર્થીઓ તાલિમ મેળવે છે. દર વર્ષે ખૈલેયાઓ નવા સ્ટેપ્સ શીખવા માટે ઉત્સુક હોય છે. આ વર્ષે ગરબા મેદાનમાં દોઢીયું, પોપટીયું હુડો, કચ્છી, બે તાલી,



ત્રણતાલી, એકતાલી, કાઠીયાવાડી સહિત રંગીલો, રમઝટ અને મયુર જેવા સ્ટેપ્સ સાથે ગરબે ઘુમતા નજરે પડશે.

ગુજરાતમાં નવરાત્રીનું અનોરુ મહત્વ છે નવરાત્રી આવતાની સાથે જ યુવાનોમાં અનેરો માહોલ જામે છે. ગરબે ઘુમવા થનગનતા યુવાનો ડ્રેસથી લઈ વિવિધ આભુષણો પ્રત્યે પણ સજાગ રહે છે. જયારે જુના ગરબાનો પ્રભાવ હજુ પણ યથાવત રહેવા પામ્યો છે. પારંપરીક ગરબા સાથે દોઢીયુ, પોપટીયું હુડો, કચ્છી, બે તાલી, ત્રણ તાલી, હીંચ આજે પણ હોટ ફેવરીટ છે. ગરબા અંગે પૂજન ડાન્સ કલાસના સંચાલક પ્રજ્ઞાબેન ગજ્જર જણાવે છે કે દર વર્ષે યુવાવર્ગને અનોખી સ્ટાઈલથી ગરબે ઘુમવુ હોય છે જેથી કોરીયોગ્રાફીની જવાબદારી અમારા શીરે પણ વધી જાય છે. જયારે ગરબામાં યુવાધનની સાથોસાથ નાના બાળકોમાં પણ ગજબનો ક્રેઝ જોવા મળી રહ્યો છે ત્યારે તેઓને ગરબાના અવનવા સ્ટેપ્સ શીખવાડવા માટે અમારે પણ ખુબ મહેનત કરવી પડે છે. જયારે પૂજન ગરબા કલાસની વિશેષતા એ છે કે તે માત્ર બહેનો અને નાના બાળકો માટે જ છે. ગરબા મેદાનમાં આ વર્ષે પંજાબી અને ઘુમર સ્ટાઈલમા પણ ગરબા ગાતા ખૈલૈયાઓ નજરે પડશે. નવરાત્રીમાં મહિલાઓમાં ફલોરલ ચણીયાચોળી હોટ ફેવરીટ છે. જયારે મહિલાઓના વિવિધ આભુષણોમાં પણ વિવિધતા નજરે જોવા મળે છે. દર વર્ષે સોરાષ્ટ્રના વિવિધ વિભાગમાં ફરીને પોતાની પસંદ પડે તેવા આભુષણો તૈયાર કરાવે છે. જેના માટે હજ્જારો રુપીયા ખર્ચ કરતા પણ યુવા વર્ગ ખચકાતો નથી. નવલી નવરાત્રીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ગરબે ઘુમીને માતાજીની આરાધના કરવો સૌ કોઈ આતુર બન્યા છે.

## સ્વામી યોગાનંદ શિશુ વિદ્યાલયમાં ગુજરાતી નિબંધ લેખન સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૧

સ્વામી યોગાનંદ શિશુ વિદ્યાલય જીઈબી કોલોની ખાતે ગુજરાતી નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના ધો-૩માં પ્રથમ ત્રણ ક્રમાંકે તન્વી પ્રજાપતિ, સ્મિત નાયી, સાઈમાં બાનુ, ધો-૪માં પ્રથમ ત્રણ ક્રમાંકે ઉજજવલ પ્રસાદ, નેહા પરમાર, સંગીતાબા ગોહિલ, ધો-૫માં પ્રથમ ત્રણ ક્રમાંકે હિમાંશી શર્મા, રાજદીપસિંઘા, રેહનશા ફકીર, ધો-૬માં પ્રથમ ત્રણ ક્રમાંકે કશીશ શ્રીમાળી, પ્રિન્સી પુરબિયા, છાયા ડાભી અને ધો-૭માં પ્રથમ ત્રણ ક્રમાંકે કરણ વાઘેલા, અરસદ શેખ, ક્રિષ્ના ટંડેલ તથા ધો-૮માં પ્રથમ ત્રણ ક્રમાંકે મોહિની પટેલ, અલ્ફાઝ શેખ, સિધ્ધિ સિંઘા વિજેતા બન્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય જયંતીભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા હતા. સ્પર્ધાનું આયોજન ગુજરાતી શિક્ષિકા મિત્તલબેન પટેલ અને કિંજલબેન વાઘેલાએ કર્યું હતું.

## મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટરના ૩૫ વિદ્યાર્થીઓ યુપીએસસી પ્રિલીમમાં ઉત્તીર્ણ

ગાંધીનગર, તા.૨૧

યુનિયન પબ્લીક સર્વિસ કમિશન દ્વારા આઈએસ, આઈપીએસ, આઈએફએસ, આઈઆરએસ સહિતની જુદી જુદી સનદી સેવાઓ માટે લેવાતી બે તબક્કાની પરીક્ષા પૈકી પ્રિલીમ પરીક્ષા યોજાઈ હતી. જેમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગર સંચાલિત મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટરમાં અભ્યાસ કરતા ૫૦ વિદ્યાર્થીઓમાંથી ૩૫ વિદ્યાર્થીઓ મેઈન પરીક્ષા માટે પસંદગી પામ્યા છે. કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ એમ. પટેલે જવલંત સફળતા મેળવનાર વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા છ વર્ષથી મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટરના વિદ્યાર્થીઓ યુપીએસસીની પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી રહ્યા છે. આ ટ્રેનિંગ સેન્ટરમાં વર્ષ ૨૦૦૪માં શેઠ સી.એમ. હાઈસ્કૂલના પૂર્વ વિદ્યાર્થી અનિલકુમાર રાણા વાસિયાએ આઈએએસ પાસ કરી હતી. ત્યારબાદ અનિલ ધામેલિયા, કુ. રાજતનિલ સોલંકી, ડૉ. રવિન્દ્ર પટેલ, કુ. કોમલ પટેલ, ડૉ. કૃણાલ રાઠોડ અને કુ. આરોહી પટેલને પણ આ સફળતા પ્રાપ્ત થઈ હતી.







ગાંધીનગરની શિવરંજની સંસ્થા દ્વારા તાજેતરમાં હિન્દી ઉર્દુ ગઝલનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત શહેરના ગઝલ શોખીનોને જુની લોકપ્રિય તથા ખ્યાતનામ ગઝલો લાઈવ સાંભળવા મળતા જલસો પડી ગયો હતો.

## સે-૨૨ જૈન દેરાસરમાં તપસ્વીઓનો સન્માન સમારોહ

ગાંધીનગર, તા.૨૧

શ્રી સૌરાષ્ટ્ર જેન મિત્ર મંડળ દ્વારા સેકટર-૨૨ જૈન દેરાસર ખાતે સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૦થી વધુ તપસ્વીઓનું સન્માન કરવામાં આવ્યું હતું તથા મંડળના મંત્રી હિતેશ શાહ તરફથી તેજસ્વી વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂજય ગુરુદેવે તપનો મહિમા સમજાવી તપને જીવનમાં ઉતારવા અંગેનું પ્રવચન કર્યુ હતું. અંતે પ્રમુખ નિતીનભાઈ સંઘવી આભારવિધિ કરી હતી.

## વાતવાતમાં

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એનઆઈસીયુ વોર્ડની સિકયુરીટી ગાર્ડ તરીકેની ફરજ બજાવતા મહિલા કર્મીને અચાનક ચકકર આવતા ઢળી પડયા હતા. તાબડતોબ હોસ્પિટલના સ્ટાફ દ્વારા આ મહિલા કર્મચારીને તાત્કાલિક સારવાર વિભાગમાં લઈ જઈ ઈમર્જન્સી સારવાર આપવામાં આવતા તેઓ સ્વસ્થ થયા હતા.

● ગાંધીનગરની કલેકટર કચેરી અને કોર્ટની વચ્ચેના ભાગમાં પાર્કિંગ લોટના નિર્માણનું કાર્ય ચાલી રહ્યું છે. આ પાર્કિંગ લોટની જગ્યાએ અગાઉ જે ખાણી પીણી તથા ચાની લારીઓનું દબાણ હતું તે દબાણકર્તાઓ હવે કોર્ટની પાછળના સાંકડા સર્વિસ રોડ પર અડીંગો જમાવતા તે માર્ગ પર વારંવાર ટ્રાફિક જામ થવાની સમસ્યા ઉભી થવા પામી છે.

● ગાંધીનગરના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયામાં કોચ તરીકે સેવાઓ આપી રહેલા ખેલાડી દેવેન્દ્ર ઝાઝરિયાએ તાજેતરમાં રિઓ પેરાઓલમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતી દેશનું નામ રોશન કર્યું છે. આ દેવેન્દ્ર ઝાઝરિયાને તા. ૨૬મી સપ્ટેમ્બરે સાઈ સંકુલ ખાતે રાજયના રમતગમત તથા યુવક સેવા સાંસ્કૃતિક વિભાગના મંત્રીની હાજરીમાં સન્માનવામાં આવશે.

● પથિકાશ્રમ નજીક ઘ માર્ગ પર સાંજના સમયે એક વેગનઆર કારમાં આવેલા આધેડ વયના પુરુષ દ્વારા સે-૬ સત્યાગ્રહ છાવણીથી સર્કલ નજીક રોડ સાઈડ રહેતા શ્રમજીવીઓને વિવિધ ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. શહેરમાં અનેક દાતાઓ દ્વારા આ રીતે ગરીબ જરૂરિયાતમંદ પરિવારોને ગુપ્તદાન કરવામાં આવે છે.

## આવતીકાલથી કડી સર્વ વિશ્વ વિદ્યાલયના યુવક મહોત્સવ 'સંગત-૨૦૧૬'નો પ્રારંભ

### 'હરિયાળી શકિત' થીમ આધારિત યોજાનારા બે દિવસીય મહોત્સવમાં વિવિધ સ્પર્ધાઓ યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે તા. ૨૩ અને તા.૨૪મી સપ્ટેમ્બર દરમિયાન યુનિવર્સિટી સંલગ્ન કોલેજનો સંયુકત યુવક મહોત્સવ 'સંગત-૨૦૧૬' ઉજવાશે. 'હરિયાળી શકિત' ની થીમ પર ઉજવાનારા આ મહોત્સવનો તા. ૨૩મી સપ્ટેમ્બરે સે-૧૫ ખાતેની યજમાન કોલેજ એલડીઆરપી ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી એન્ડ રીસર્ચ ખાતે સવારે ૧૦ કલાકે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્ર ત્રિવેદીના હસ્તે પ્રારંભ થશે.

સંગત-૨૦૧૬ના ઉદઘાટન પ્રસંગે કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંકુલના ચેરમેન વલ્લભભાઈ પટેલ, પ્રમુખ કનુભાઈ પટેલ, ડિરેકટર ડી.ટી. કાપડીયા તથા રજીસ્ટ્રાર એસ.કે. મંત્રાલા ઉપસ્થિત રહેશે. સંગત ૨૦૧૬માં વિવિધ જુથ તથા વ્યકિતગત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાઓમાં અભિનય, સંગીત, નૃત્ય, ચિત્રકળા, વાકકળા વગેરે આધારિત સ્પર્ધાઓનો સમાવેશ થાય છે. સ્પર્ધાઓમાં શાસ્ત્રીય નૃત્ય, લોકનૃત્ય, આદિવાસી નૃત્ય, શાસ્ત્રીય વાદ્ય વાદન, ભારતીય અને પાશ્ચાત્ય સંગીત, ગૃપ સોંગ્સ ઉપરાંત ડિબેટ, કવીઝ, કોલાઝ, પોસ્ટર મેકિંગ, ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ, કાર્ટુનિંગ, રંગોળી, કલે મોડેલીંગ તેમજ સ્કીટ, મોનો એકિંટગ, માઈમ, મિમિક્રી, ઈલોકયુશન, કાવ્ય પઠન, શીઘ્ર કવિતા વગેરેનો સમાવેશ કરાયો છે. આ સ્પર્ધાઓમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન તમામ કોલેજોના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ભાગ લેશે. સ્પર્ધામાં તટસ્થ નિર્ણાયકો દ્વારા વિજેતાઓ નકકી કરવામાં આવનાર છે. તમામ સ્પર્ધાઓ કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંકુલ સે-૧૫ તથા કડી સર્વ કેળવણી મંડળ સંકુલ સે-૨૩ ખાતેની વિવિધ કોલેજના હોલમાં યોજાશે. સંગત-૨૦૧૬નો સમાપન સમારોહ તા. ૨૪મી સપ્ટેમ્બરે સાંજે ૪ વાગે સે-૧૫માં એલડીઆરપી કેમ્પસના ઓડિટોરિયમ ખાતે યોજાશે. જેમાં વિજેતાઓને ઈનામો વડે સન્માનવામાં આવશે.

## પ્રેરણા વિદ્યાલય ખાતે ઈન્ટરનેટ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૧

સે-૫-એ ખાતે પ્રેરણા વિદ્યાલયમાં તા. ૧૭-૯-૨૦૧૬ શનિવારના રોજ ઈન્ટરનેટનો વપરાશ, તેના ઉપયોગો તથા તેનાથી થતા ગેરફાયદા વિશેની માહિતી વિદ્યાર્થીઓને મળે તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં લર્નિંગ વીંકસ ફાઉન્ડેશનના આસિસ્ટન્ટ મેનેજર મૃગેશભાઈ જાનીએ વિદ્યાર્થીઓને ઈન્ટરનેટથી ચાલતા સાધનો જેવા કે કમ્પ્યુટર, મોબાઈલ ફોનમાં આવતી એપ જેવી કે ફેસબુક, વોટસએપ, હાઈક, જી-મેલ, ઈ-મેલ જેવી એપનો કેવી રીતે ઉપયોગ કરવો અને તેમાં આવતી સિકયુરીટી વિશે તથા દુનિયામાં એક સેકન્ડમાં ફેસબુક, હાઈક વગેરેના મેસેજના મોટા આંકડાઓ, મોબાઈલ ફોનથી કેવી રીતે નેટ બેકિંગ કરી શકાય, એકાઉન્ટ હેંગ થઈ જાય તો શું કરવું જોઈએ વગેરે વિશે વિશેષ માહિતી વિદ્યાર્થીઓને પુરી પાડી હતી. તેમણે વિદ્યાર્થીઓને નેટથી થતા ગેરફાયદાઓથી બચવા માટે અનેક પ્રકારના વિકલ્પો પણ જણાવ્યા હતા જેથી દરેકે કોઈ પણ પ્રકારની સમસ્યાઓનો સામનો અત્યારે અથવા ભવિષ્યમાં ન કરવો પડે તે માટે તેમને માર્ગદર્શન પુરું પાડયું હતું.

આ કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય મનિષભાઈ ખત્રીએ આભારવિધિ કરી હતી.



સરકારી ઈજનેરી કોલેજ ગાંધીનગર ખાતે એનએસએસ વિભાગ દ્વારા થેલેસેમિયાના દર્દીઓ અને જરૂરીયાતમંદો માટે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો અને કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કેમ્પ દરમિયાન રેડ ક્રોસ સોસાયટી અમદાવાદ શાખા દ્વારા રકતદાતાઓની સંપૂર્ણ કાળજી લેવામાં આવી હતી. આ કેમ્પના અંતે ૧૮૯ બોટલ રકત એકત્રિત કરાયું હતું. રકતદાન કેમ્પનું સમગ્ર સંકલન એનએસએસના વિદ્યાર્થીઓ અને બાયોમેડિકલ ઈજનેરી વિભાગના કોર્ડિનેટર યશ કાવઠીયાએ કર્યું હતું.

## અરીહંત ફાર્મસી કોલેજ ખાતે સ્નેહલ દેસાઈનું વકતવ્ય યોજાયું

ગાંધીનગર, તા.૨૧

અડાલજ ખાતેની અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રીસર્ચ ઈન્સ્ટીટયુટ ખાતે માન્યતા પ્રાપ્ત વકતા સ્નેહલ દેસાઈનું વિદ્યાર્થીઓ માટે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના ૩૫૦થી વધુ વિદ્યાર્થીઓએ તેમજ પ્રોફેસરોએ લાભ લીધો હતો. સ્નેહલ દેસાઈ સૌથી યુવાન વયે અદાણી ગ્રુપના વાઈસ પ્રેસિડેન્ટ બન્યા છે. તેમજ જાણીતા મોટીવેશનલ સ્પીકર છે. આ કાર્યક્રમનું આયોજન પ્રાર્થના તેમજ દીપ પ્રાગટયથી કરવામાં આવ્યું હતું. સંસ્થામાં પધારેલ મહેમાનોનું સ્વાગત પુષ્પગુચ્છથી કરવામાં આવેલ હતું. વકતા સ્નેહલ દેસાઈએ તેમના પ્રવચનમાં વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે કોલેજ કક્ષાનું શિક્ષણ તેમને સેલેરીની ગેરંટી નથી આપતું, પરંતુ માણસને એક સામાજિક પ્રાણી બનાવે છે. આ શિક્ષણ તમને નવી વિચારવાની હજારો દિશા ખોલી આપે છે. આજના યુવાનો મોટા ભાગનો સમય વોટસએપ અને ફેસબુક પર વ્યય કરતા હોય છે. પરંતુ આ જ એપનો ઉપયોગ જો પોતાના વિકાસ માટે કરે તો જરૂર પોતાની મંઝિલ સુધી પહોંચી શકે છે. એમણે વિદ્યાર્થીઓને વિનંતી કરી કે સવારે માત્ર ૧૦ મિનિટ પણ સમાચાર પત્રનું વાંચન તેમના વિચારોમાં મોટું પરિવર્તન લાવી શકે છે. આ લેકચર વિદ્યાર્થીઓએ તેમજ પ્રોફેસરોએ ખુબ જ ઉત્સાહપૂર્વક માણ્યું હતું. કાર્યક્રમના સમાપનમાં સંસ્થાના પ્રિન્સીપાલ ડૉ.ડી.એમ. પટેલે સંસ્થા વતી સ્નેહલ દેસાઈનો આભાર વ્યકત કર્યો હતો તેમજ મોમેન્ટો આપી એમનું સન્માન કરવામાં આવ્યું હતું.



જમ્મુ-કાશ્મીરના ઉરીમાં થયેલા આતંકી હુમલામાં દેશના ૧૮ સૈનિક જવાનો શહીદ થતા સમગ્ર દેશમાં આઘાત તેમજ રોષનીલાગણી પ્રસરી હતી. આ સમયે શ્રી જે.એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલયના તમામ વિદ્યાર્થીઓ તથા શિક્ષકો દ્વારા પ્રાર્થના સભામાં બે મિનિટનું મૌન પાળી શહીદ વીર જવાનોને શ્રધ્ધાંજલી અર્પી હતી.

## આજે ભારત બંધ : સોશિયલ મીડીયાના મેસેજ ચર્ચામાં

### શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ અર્પવા અને સરકાર પાસે પાકિસ્તાન વિરૂધ્ધ કડક કાર્યવાહીની માંગ : સ્વયંભુ બંધ રાખવા થઈ રહેલી અપીલ

ગાંધીનગર, તા.૨૧

દેશની સરહદે આવેલા સુરક્ષા કર્મીઓના કેમ્પ ઉરી ઉપર થયેલા આતંકવાદી હુમલાને ચોમેરથી વખોડાઈ રહ્યો છે. જેમાં છેલ્લા પાંચ દિવસથી ૨૨મી સપ્ટેમ્બરના રોજ ભારત બંધ રાખવાનું એલાન સોશિયલ મીડીયામાં થઈ રહ્યું છે. છાશવારે હુમલા કરી દેશના સપૂતોને છીનવી લેતા પાકિસ્તાન વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા સરકારને ઢંઢોળવા સ્વયંભુ બંધ રાખવા અપીલ થઈ છે. વધુમાં આ દિવસે દેશભરમાં શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ અર્પવા પણ જણાવાયું છે. આમ પાકિસ્તાનની આતંકવાદી પ્રવૃત્તિથી ત્રસ્ત બનેલો દેશનો એક એક નાગરિક જાગૃત બની અંત સુધી લડી લેવા અપીલ કરી રહ્યો છે.

આજે ભારત બંધના એલાનના વાઈરલ થયેલા સંદેશાને ચારે બાજુથી ભારે આવકાર મળી રહ્યો છે. દેશ માટે ન્યોછાવર થઈ ગયેલા શહીદ જવાનોની કુરબાની એળે ન જાય તે માટે દેશનો પ્રત્યેક નાગરીક



હવે સરકારને પાકિસ્તાન વિરૂધ્ધ કડક કાર્યવાહીની માંગ કરી રહ્યો છે. વાઈરલ થયેલા સંદેશામાં દરેકે સ્વયંભુ બંધ પાળી દેશના વીર જવાનોને સાચી શ્રધ્ધાંજલિ અર્પિત કરશે તેવી અપીલ થઈ રહી છે.

સરકાર જવાનોને પ્રહાર કરવાની છુટ આપતી નથી કે પછી આતંકવાદ વિરૂધ્ધ કોઈ નકકર કાર્યવાહી કરતી નથી જેથી આપણા જવાનો પાકિસ્તાનની આતંકવાદ પ્રવૃત્તિમાં શહીદ થઈ રહ્યા છે. માટે ભારતના દરેક નાગરીકે અવાજ ઉઠાવવો જોઈએ અને ૨૨મી સપ્ટેમ્બરે સ્વયંભુ ભારત બંધમાં સામેલ થઈ શહીદ જવાનોને દેશના નાગરિકોએ મજબુત સહકાર આપી મનોબળ વધારવું જોઈએ તેવી અપીલ કરાઈ છે. પ્રથમવાર દેશદાઝ સોશીયલ મીડયામાં ફરતી થતાં લોકોમાં ગૌરવની લાગણી પેદા થઈ છે અને ચલાવાયેલી આ ઝુંબેશ ભારતના ઈતિહાસને એક નવો જ રાહ ચિંધશે તેમજ આવનારી પેઢી માટે ખુબ જ મહત્વનો સાબિત થઈ રહેશે તેવા પ્રત્યાઘાતો પણ સાંપડી રહ્યા છે.

## ચિરવિદાય

- સ્વ. સુમનબેન નાગેન્દ્રસિંહ રાઠોડ, ઉ.વ. ૨૪
- સ્વ. ચતુરજી બેચરજી ઠાકોર, ઉ.વ. ૯૦
- સ્વ. સુકુમાર ઉમેશચંદ્ર દત્તા, ઉ.વ. ૭૨
- સ્વ. લલિતાબેન દિલુભાઈ કનોજીયા, ઉ.વ. ૫૬
- સ્વ. ભાવનાબેન જેઠાભાઈ ચૌહાણ, ઉ.વ. ૨૫